પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-02-2025 Evening : 7.10 to 7.20 pm

Day : Saturday Regional News

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભૂંડીયા વાંચે છે.

---

- સાયબર ગુનાઓને ડામવા અને સાયબર સલામતી માટે રાજ્યમાં ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપવામાં આવશે
- કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું છે કે, કેન્દ્રીય અંદાજપત્ર ભારતના મધ્યમવર્ગની આકાંક્ષાને પૂર્ણ કરશે
- પાકિસ્તાન સરકારે ગુજરાતનાં 18 અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ત્રણ માછીમારોને જેલમુક્ત કર્યા
- સોશિયલ મિડિયામાં ઘાતક હથિયારો સાથે ફોટો કે વિડીયો મૂકનારા વિરુધ્ધ અમદાવાદ પોલિસની ઝૂંબેશ
- જૂનાગઢમાં ધ્વજારોહણ સાથે પ્રાચીન મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ

-----------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CRIME CONFERENCE

રાજ્યમાં સાયબર ગુના, સાયબર સલામતી અને સાયબર ગુપ્તચર માટે ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપવામાં આવશે એમ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું છે. તેમણે જણાવ્યું કે, રાજ્યના પોલીસ વિભાગને વધુ મજબૂત કરવા અંદાજપત્રમાં ટેકનોલોજી અને માનવ સંશાધન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ગઇકાલે ભાવનગરમાં યોજાયેલી

ક્રાઇમ કોન્ફરન્સમાં શ્રી સહાયે જણાવ્યું કે, બજેટમાં ગૃહ વિભાગ માટે કુલ 12 હજાર 659 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કોન્ફરન્સમાં રાજ્યના પોલીસ વડાએ ત્રણ નવા કાયદાના અમલીકરણની સમીક્ષા કરી હતી. તેમણે ગુજરાત પોલીસની વિવિધ પહેલ અંગે વધુ માહિતી આપીઃ

(BYTE: DGP VIKAS SAHAY)

જાન્યુઆરી માસમાં સાયબર ફ્રોડમાં પીડિતોએ ગુમાવેલા 13 કરોડ રૂપિયા પરત કરવામાં આવ્યા છે. આ કોન્ફરન્સમાં રાજકોટ, સુરત, વડોદરા, અમદાવાદના પોલીસ કમિશનરો અને રાજ્યના નવ રેન્જ આઈજી ઉપસ્થિત રહ્યા હતા.

NIMUBEN BUDGET SAMIKSHA

કેન્દ્રીય અંદાજપત્ર 2025-26 ભારતના મધ્યમવર્ગની આકાંક્ષાને પૂર્ણ કરશે એમ કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું. દમણ, દીવ અને દાદરા નગર હવેલી ખાતે પત્રકાર પરિષદમાં તેમણે બજેટને વિકાસનું બજેટ ગણાવ્યું હતું.

(BYTE NIMUBEN BAMBHANIYA)

આ અગાઉ, ભારતીય જનતા પાર્ટી દ્વારા કેન્દ્રિય બજેટ અંગે સંમેલનનું આયોજન કર્યું, જેમાં દમણનાં વેપારીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. દર મહિને પ્રસારિત થનારા રેડિયો કાર્યક્રમનો આ 119મી કડી છે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત થશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરવામાં આવશે.

CENTRE REFUNDS

કેન્દ્ર સરકારે વિવિધ સ્પર્ધાત્મક અને અન્ય પરીક્ષાઓ માટેના કોચીંગ ક્લાસીસમાં ભણતા વિદ્યાર્થીઓને આશરે દોઢ કરોડ રૂપિયાની રાહત મળે એ બાબત સુનિશ્ચિત કરી છે.

વિવિધ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન દ્વારા નોંધાવેલી ફરિયાદના આધારે ગ્રાહક બાબતોના કેન્દ્રીય મંત્રાલયે 600થી વધુ વિદ્યાર્થીઓને આર્થિક રાહત મળે તેવા પગલાં લીધાછે. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન ઉપર  કેટલાક કોચીંગ ક્લાસીસ દ્વારા અપેક્ષા મુજબ અધ્યાપનકાર્ય ન થવું, વર્ગો મોડા શરૂ કરવા, અને કેટલાક અભ્યાસક્રમો રદ્દ કરવા જેવી અયોગ્ય વ્યવસાયિક પ્રવૃત્તિ થતી હોવા અંગે ફરિયાદ કરી હતી.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

Fisherman released from Pakistan

પાકિસ્તાન સરકારે કરાચીની જેલમાંથી ગઇકાલે 22 ભારતીય માછીમારોને મુક્ત કર્યા છે, જેમાં ગુજરાતનાં 18 અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ત્રણ માછીમારનો સમાવેશ

થાય છે. સૌથી વધુ 15 માછીમારો ગીરસોમનાથ જિલ્લાના અને જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ત્રણ માછીમારો છે. મુક્ત કરવામાં આવેલા માછીમારો સોમવારે ગીરસોમનાથ પરત ફરે તેવી ધારણા છે.

ગીરસોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતરનો અહેવાલ પ્રસ્તુત છે..

(VOICE CAST :RAJESH BHAJGOTAR)

દીવના અમારા પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે દીવના ત્રણેય માછીમારો વણાકબારાનાં છે. માછીમારોની મુક્તિ અંગેના સમાચાર સાંભળીને તેમના પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે

## CRIME BRANCH - AHMEDABAD

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શહેરમાં તલવાર, બંદૂક, ખંજર, જવલનશીલ સામગ્રી જેવા હથિયારો રાખતા લોકો સામે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આવા ઘાતક હથિયારો સાથે કોઈપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર ફોટો અને વિડિઓ પોસ્ટ કરનારા લોકો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

નાગરિકો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના વોટ્સએપ નંબર 63596 25365 પર આ અંગે ફરિયાદ નોંધાવી શકે છે. નાગરિકો આવા ઘાતક હથિયારો રાખતા વ્યક્તિઓના નામ, ફોટા, વિડિઓ, સરનામા મોકલી શકે છે. આ ફરિયાદના આધારે પોલીસ આવી વ્યક્તિઓ સામે કાર્યવાહી કરશે. માહિતી આપનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

## Bhavnath Melo

પ્રયાગરાજમાં ચાલી રહેલો કુંભ મેળો અંતિમ તબક્કામાં છે ત્યારે જૂનાગઢમાં પણ આજે ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થયો છે. મહાવદ નોમથી મહાવદ તેરસ સુધી ચાલનારા ધર્મ મેળામાં રાજ્યભરમાંથી અનેક શિવભક્તો આવે છે. ભવનાથ દાદાને શીશ નમાવીને મૃગીકુંડમાં શાહી સ્નાન અને દિગંબર સાધુઓની રવાડી આ મેળાનું

મુખ્ય આકર્ષણ છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેળામાં આવતા ભક્તોની સગવડ માટે વિવિધ સમિતિઓ દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિનો અહેવાલ...

VALSAD-PARDI-PALIKA

વલસાડ, પારડી અને ધરમપુર નગરપાલિકામાં ભાજપના વિજય બાદ હવે પ્રમુખ પદ માટે દોડ શરૂ થઈ છે. વલસાડ નગરપાલિકામાં OBC મહિલા માટે અનામત પ્રમુખપદની પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે 7 મહિલા દાવેદારો છે. વોર્ડ નંબર 8માંથી જેસ્ટિકા દર્શન પટેલ જનરલ કેટેગરીમાં બિનહરીફ ચૂંટાયા છે. અન્ય દાવેદારોમાં ગૌરી હિતેશ રાણા, ભારતીબેન મનોજભાઈ પટેલ, લીનાબેન મનોજભાઈ આહીર અને માલતીબેન ટંડેલનો સમાવેશ થાય છે.

જ્યારે પારડી નગરપાલિકાનું પ્રમુખપદ અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. જેમાં ત્રણ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા છે. ધરમપુર નગરપાલિકામાં પછાત વર્ગ માટે અનામત બેઠક છે, જ્યાં ચાર ઉમેદવારો વચ્ચે હરીફાઈ ચાલી રહી છે. જીતેલા ઉમેદવારોના અભિપ્રાય મેળવીને પ્રદેશની પાર્લામેન્ટરી બોર્ડમાં નામો મોકલવામાં આવશે. બોર્ડ ચર્ચા બાદ ત્રણેય નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખના મેન્ડેટ જાહેર કરશે.

Income from Tur and Raida

મહેસાણા જિલ્લાનાં બહુચરાજી અને માંડલ પંથકમાં નોંધપાત્ર પ્રમાણમાં તુવેર અને રાયડાનું વાવેતર થયું છે. સારા વરસાદને કારણે આ વર્ષે ઉત્પાદનમાં વધારો જોવા મળ્યો છે. બહુચરાજી માર્કેટયાર્ડમાં 1 હજારથી 1500 બોરી તુવેરની દૈનિક આવક છે. ખેડૂતોને 20 કિલોગ્રામના 1400થી 1500 રૂપિયા સુધીના પોષણક્ષમ ભાવ મળી રહ્યા છે. રાયડામાં એક હજાર બોરીની દૈનિક આવક થઈ રહી છે, જેનાં 1100 રૂપિયા સુધીનાં ભાવ મળી રહ્યા છે.